સાપ્તાહિક
# ક્રાઈમ કિંગ
CRIME KING (weekly)
EDITOR : NIKITA R. SAXENA
(MO) 98796 16556
E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392
PRINTED MATTER
To, ____________

✶ AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

* YEAR : 10 * Issue No.03 * Date : 05-05-2023 * Friday * Page No. 4 Rs. 01.00 * Annual Rs.50/-

### જમ્મુ-કાશ્મીરના બારામુલ્લાના પટ્ટન વિસ્તારના ક્રીરી ગામમાં

# જમ્મુ કાશ્મીરના બારામુલ્લામાં અથડામણ, બે આતંકી ઠાર મરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

જમ્મુ-કાશ્મીરના બારામુલ્લાના પટ્ટન વિસ્તારના ક્રીરી ગામમાં સેનાના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. આ અથડામણમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. મળતી માહિતી મુજબ સુરક્ષા દળોએ ઓપરેશન શરૂ કરી દીધું હતું. આ ઓપરેશનમાં તેણે બે આતંકીઓને ઠાર કર્યા હતા. સૈન્ય અધિકારી પાસેથી મળેલી માહિતી અનુસાર, ઓપરેશનમાં તેમની પાસેથી એક AK 47, એક પિસ્તોલ અને અન્ય દારૂગોળો મળી આવ્યો છે. આ સાથે તેમણે જણાવ્યું કે સર્ચ ઓપરેશન હજુ ચાલુ છે. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ચારે બાજુથી ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. અધિકારીઓ પાસેથી મળેલી માહિતી અનુસાર, તેમને આ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી અંગે ઈનપુટ મળ્યા હતા. જે બાદ તેણે ગામમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જે દરમિયાન આતંકીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં બે આતંકીઓ માર્યા ગયા હતા. મળતી માહિતી મુજબ આ સમયે ઘાટીમાં ઘણા આતંકી સંગઠનો સક્રિય છે. જેને ખતમ કરવા માટે સુરક્ષા દળો સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. તાજેતરમાં આતંકવાદીઓએ જમ્મુ-કાશ્મીરના પૂંછમાં સેનાના કાફલાને નિશાન બનાવ્યું હતું. આ હુમલામાં ૫ જવાન શહીદ થયા હતા. મળતી માહિતી મુજબ, આ ઘટનાની જવાબદારી આતંકવાદી સંગઠન પીપલ્સ એન્ટી ફાસિસ્ટ ફ્રન્ટએ લીધી હતી. આ ઘટના પહેલા જમ્મુના બહાર વિસ્તાર સિધરામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ હતી. મળતી માહિતી મુજબ આ અથડામણમાં ૩ આતંકીઓ માર્યા ગયા હતા. સૈન્ય અધિકારીના જણાવ્યા અનુસાર તેમને વિસ્તારમાં ૨-૩ આતંકવાદીઓની હાજરીની માહિતી મળી હતી. જે બાદ સર્ચ ઓપરેશન હાથ ધરીને ત્રણેય આતંકીઓને ઠાર કરવામાં આવ્યા હતા. વાસ્તવમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓને ખતમ કરવા માટે ઓપરેશન ઓલ આઉટ શરૂ કરવામાં આવ્યું છે. પાકિસ્તાનના કેટલાક આતંકવાદી જૂથો તરફથી હુમલાની ધમકીઓ વચ્ચે જમ્મુ અને કાશ્મીર પોલીસે શ્રીનગરમાં આગામી G20 બેઠક માટે મજબૂત સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરી છે. એન્ટી-ડ્રોન ટેક્નોલોજી, NSG અને મરીન કમાન્ડોઝનો ઉપયોગ અને આત્મઘાતી, ડ્રોન, IEDs, સ્ટેન્ડ-ઓફ અને ગ્રેનેડ હુમલાઓનો સામનો કરવા સહિતની તૈયારીઓ કરવામા આવી રહી છે. મંગળવાર (૨ મે) ના રોજ શ્રીનગરમાં એક ઉચ્ચ-સ્તરીય સુરક્ષા બેઠક યોજાઈ હતી જ્યાં સુરક્ષા દળોના ટોચના અધિકારીઓએ આગામી G-20 કાર્યક્રમના શાંતિપૂર્ણ સંચાલનની ખાતરી કરવા માટે સંયુક્ત વ્યૂહરચના તૈયાર કરી હતી. ભારતીય સેનાના વિશેષ એકમો તમામ મદદ કરશે. ઉંચી જગ્યાઓ અને કોરિડોરને સુરક્ષિત કરવામાં આવશે. J&K માં પ્રથમ વખત NSG કમાન્ડોનો ઉપયોગ J&K પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સાથે ડ્રોન હુમલા, આત્મઘાતી હુમલા, આતંકવાદીઓનો સામનો કરવા, વાહન આધારિત IED અથવા કોઈપણ અપ્રિય ઘટનાનો સામનો કરવા માટે આતંકવાદ વિરોધી કામગીરીમાં કરવામાં આવશે.

### મેઈતેઈ સમુદાયને એસટી કેટેગરીમાં સામેલ કરવાનો વિરોધ

# મણિપુરના ચુરાચંદપુરમાં હિંસા, આઠ જિલ્લામાં કર્ફ્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈમ્ફાલ,

ઓલ ટ્રાઈબલ સ્ટુડન્ટ્સ યુનિયન દ્વારા ગઈકાલે મેઈતેઈ સમુદાયને એસટીકેટેગરીમાં સામેલ કરવાની માંગનો વિરોધ કરવા માટે એક કૂચ બોલાવવામાં આવી હતી. આ માર્ચ દરમિયાન ચુરાચંદપુરમાં હિંસા ફાટી નીકળી હતી. ભારતીય મહિલા બોક્સર મેરી કોમે ટ્વિટ કરીને મદદ માંગી હતી.

મણિપુરમાં ગઈકાલે મેઈતેઈ સમુદાને અનુસૂચિત જનજાતિ શ્રેણીમાં સામેલ કરવાની માંગનો વિદ્યાર્થીઓના સંગઠને વિરોધ કર્યો હતો. આ આદિવાસી આંદોલન દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. આ હિંસા બાદ આઠ જિલ્લાઓમાં કર્ફ્યુ લગાવવામાં આવ્યો હતો અને સમગ્ર મણિપુરમાં આગામી પાંચ દિવસ માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. આ હિંસા પર ભારતીય મહિલા બોક્સર મેરી કોમે ટ્વિટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે મદદ માંગી હતી. મેરી કોમે મોડી રાત્રે ટ્વિટ કર્યું હતું અને કહ્યું હતું કે મારું રાજ્ય મણિપુર સળગી રહ્યું છે. કૃપા કરીને મદદ કરો.

આ ટ્વીટમાં તેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વડાપ્રધાન કાર્યાલય, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને ટેગ કરીને મણિપુર ફાટી નીકળેલી હિંસાના ફોટો શેર કર્યા હતા.

મણિપુરમાં સેના અને સશસ્ત્ર દળોની મદદથી હિંસા પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.

# એજન્સીમાં આ પદે બેસાડી શકાય એવો કોઈ અધિકારી નથી?: સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

સુપ્રીમકોર્ટે ઈડીએ નિર્દેશક સંજય કુમાર મિશ્રાને ત્રીજી વખત સેવા વિસ્તાર આપવમાં આવતા આકરી નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે કેન્દ્ર સરકારે સવાલ કર્યો કે શું એક વ્યક્તિ એટલો જરૂરી હોઈ શકે છે? કોર્ટે કેન્દ્રને પૂછ્યું કે શું એજન્સીમાં બીજો કોઈ કાબેલ કે સક્ષમ અધિકારી જ નથી જેને આ પદ પર બેસાડી શકાય?

જસ્ટિસ બી.આર.ગવઈ અને જસ્ટિસ વિક્રમનાથ તથા જસ્ટિસ સંજય કરોલની ત્રણ સભ્યોની બેન્ચ ઈડીના પ્રમુખના કાર્યકાળની સાથે સાથે કેન્દ્રીય સતર્કતા આયોગ(સુધારા) અધિનિયમ ૨૦૨૧ના નવા વિસ્તારને પડકારતી અરજીઓની એક બેચની સુનાવણી કરી રહી હતી. કેન્દ્ર સરકાર વતી સોલિસીટર જનરલ તુષાર મહેતા મામવલે દલીલો કરી રહ્યા હતા.

દરમિયાન સુપ્રીમકોર્ટે કહ્યું કે તમારા મતે ઈડીમાં કોઈ સક્ષમ અધિકારી જ નથી તો પછી ૨૦૨૩ પછી એજન્સીનું શું થશે, જ્યારે તે સેવાનિવૃત્ત થઈ જશે? ઉલ્લેખનીય છે કે ટોચની કોર્ટ હાલમાં મિશ્રાને આપવામાં આવેલા સેવા વિસ્તારને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. અરજીમાં કહેવાયું છે કે ૧૯૮૪ની બેચના અધિકારીને નવેમ્બર ૨૦૨૧ પછી વધુ સેવા વિસ્તાર ન મળવો જોઈતો હતો. આ મામલે સુનાવણી કરતી વખતે બેન્ચે ત્યારે કેન્દ્ર સરકારને ઘેરી હતી જ્યારે સોલિસીટર જનરલ તુષાર મહેતાએ સંજય કુમાર મિશ્રાને ત્રીજી વખત સેવા વિસ્તાર આપવાના કેન્દ્ર સરકારના

## તંત્રી લેખ...

### કરોડો મુસાફરો છતાં ભારતમાં વિમાની કંપનીઓ કેમ નથી ચાલતી ?

ભારતમાં વધુ એક એરલાઈન્સને ખંભાતી તાળાં વાગી જવાના ભણકારા છે. લાંબા સમયથી ડચકાં ખાતી વાડિયા ગ્રુપની ગો ફર્સ્ટ એરલાઈન્સે સ્વૈચ્છિક નાદારીની કાર્યવાહી માટે અરજી દાખલ કરી છે. કંપની પાસે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ફ્યુઅલની બાકી રકમ ચૂકવવા માટે પૈસા જ બચ્યા નથી તેથી કંપનીને ફ્યુઅલ મળવું બંધ થઈ ગયું. તેના કારણે કંપનીએ અચાનક જ પોતાની બધી ફ્લાઈટ રદ કરવી પડી. અત્યારે જે સ્થિતી છે તેમાં કંપની ક્યાંયથી નાણાં ઉભાં કરી શકે તેમ નથી તેથી કંપનીએ નાદારી માટેની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તેનો મતલબ એ કે, કોઈ ખરીદદાર મળી આવે તો ઠીક છે, બાકી કંપનીને તાળાં વાગી જશે.

વાડિયા ગ્રુપની ગો ફર્સ્ટ છેલ્લાં કેટલાક સમયથી ડચકાં ખાતી જ હતી પણ મેનેજમેન્ટ ધકેલ પંચ્યાં દોઢસો કરીને ચલાવ્યા કરતું હતું. વિમાનોમાં એર ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ) ભરાવવું પડે. સારી ચાલતી એરલાઈન્સને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ક્રેડિટ આપીને બાકીમાં ભરી આપતી હોય છે પણ ગો ફર્સ્ટના જૂના ચૂકવણામાં ધાંધિયા હતા તેથી ઓઈલ કંપનીઓ પણ કેશ-એન્ડ-કેરી મોડલ પર જ ફ્યુઅલ આપતી હતી. મતલબ કે દરેક ફ્લાઈટ માટે ફ્યુઅલ ભરાવો કે તરત જ ઓઈલ માર્કેટિંગ કંપનીને નાણાં ચૂકવી દેવાં પડે. આપણે પેટ્રોલ પંપ પર જઈને કાર કે ટુ વ્હીલરમાં પેટ્રોલ ભરાવીએ ને તરત નાણાં આપીએ એ રીતે ગો ફર્સ્ટ એરલાઈન્સે પણ નાણાં આપી દેવાં પડતાં હતાં.

આ સ્થિતિ લાંબા સમયથી હતી ને તેના કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી ગો ફર્સ્ટની ફ્લાઈટ કેન્સલ થાય કે મોડી પડે એવું વારંવાર બનતું હતું. ફ્યુઅલ ના ભરાયું હોય એટલે ફ્લાઈટ ઉપડે જ નહીં. એ સંજોગોમાં કાં તાત્કાલિક ચૂકવણી કરીને ફ્યુઅલ ભરાવવું પડે કે પછી ફ્લાઈટ કેન્સલ કરવી પડે. કંપનીનું મેનેજમેન્ટ બને ત્યાં સુધી પૈસાનો બંદોબસ્ત કરવા મથતું પણ ઘણી વાર પૈસાનો મેળ ના પડે તેમાં ફ્લાઈટ કેન્સલ કરવી પડતી. આ રીતે વારંવાર ફ્લાઈટ કેન્સલ થાય તો મુસાફરને પૂરેપૂરું રીફંડ આપવું પડે. તેના કારણે કંપનીનો ધંધો પણ મંદો પડતો જતો હતો. ગો ફર્સ્ટનો બજાર હિસ્સો જાન્યુઆરીમાં ૮.૪ ટકા હતો પણ આ રીતે ફ્લાઈટ્સમાં ઘટાડો તેમજ ફ્લાઈટ કેન્સલ થવાના કારણે ઘટીને માર્ચમાં ૬.૯ ટકા થઈ ગયો હતો. આ કારણે કંપની મુશ્કેલીમાં હતી તેની બધાંને ખબર હતી પણ અચાનક આ રીતે બંધ થઈ જશે એવી કલ્પના નહોતી.

ગો ફર્સ્ટના પતન સાથે ભારતમાં ખોટનો ધંધો કરીને બંધ થનારી એરલાઈન્સમાં વધુ એકનો ઉમેરો થઈ ગયો છે. ૧૯૯૧થી અત્યાર સુધીમાં ગો ફર્સ્ટ સહિત કુલ ૪૪ વિમાની કંપનીઓને તાળાં લાગી ગયાં છે. ભારતમાં નરસિંહરાવની સરકારે ૧૯૯૧માં આર્થિક ઉદારીકરણ અપનાવ્યું એ પહેલાં સરકારી એરલાઈન્સ એર ઈન્ડિયા અને ઈન્ડિયન એરલાઈન્સની મોનોપોલી હતી.

રાવ સરકારે નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને પણ ખુલ્લું મૂકીને ખાનગી કંપનીઓને વિમાની સેવા શરૂ કરવાની મંજૂરી આપી ત્યારે લાગતું હતું કે, ભારતમાં અધધધ વસતી છે ને ટ્રેન સહિતની સેવાઓ સાવ રેઢિયાળ છે તેના કારણે વિમાની સેવાનો ધંધો ધમધોકાર ચાલશે. તેના બદલે ઉધું જ થયું છે. વિમાની સેવામાં કમાણી છે એ લાલચે નવી નવી એરલાઈન્સ આવે છે પણ છેવટે ખોટનો ધંધો કરીને પાટિયાં પાડી દેવાં પડે છે. ૧૯૯૧ પછી શરૂ થયેલી વિમાની કંપનીઓમાંથી અત્યારે માંડ ડઝન કંપનીઓ ચાલે છે. તેમાં પણ મૂળ સરકારી ને હવે તાતા જૂથ પાસે ગયેલી એર ઈન્ડિયાની બે વિમાની સેવાને બાદ કરો તો દસ જ કંપની બચે. મતલબ કે, ભારતમાં ચાલે છે તેના કરતાં ચાર ગણી એરલાઈન્સ બંધ થઈ ગઈ છે.

ભારત વિશ્વમાં ચીન અને અમેરિકા પછી ત્રીજા નંબરનું સૌથી મોટું એવિએશન માર્કેટ ગણાય છે. ભારતમાં વરસે ૨૦ કરોડ પ્રવાસીઓ વિમાની મુસાફરી કરતા હોવાનું મનાય છે. તેમાંથી ૧૬ કરોડ મુસાફરો તો ડોમેસ્ટિક એટલે કે ભારતમાં અંદરોઅંદર જ મુસાફરી કરનારા છે. એ છતાં ભારતમાં વિમાની કંપનીઓ કેમ ચાલતી નથી એ સવાલ છે.

આ સવાલનો જવાબ વિમાની કંપનીઓની નીતિમાં છે. આ ક્ષેત્રના નિષ્ણાતોના મતે, ભારતમાં વિમાની કંપનીઓ લોકોને લૂંટવાની માનસિકતા ધરાવે છે તેથી વેકેશન કે તહેવારોના સમયમાં વિમાની ભાડાંમાં અધધધ વધારો કરી દે છે. તાત્કાલિક વિમાનમાં જવું પડે એવું હોય તો પણ તોડી નાંખે એવા ચાર્જ વસૂલવામાં આવે છે. તેના કારણે પ્લેનની મુસાફરી નાછૂટકે કરવી પડતી મુસાફરી બની ગઈ છે.

બીજું એક કારણ ટ્રેનની સેવાઓમાં આવેલો સુધારો પણ છે. પહેલાં ટ્રેન સેવા સાવ કથળેલી હતી પણ છેલ્લાં કેટલાંક વરસોમાં ફાસ્ટ અને સારી સવલતો ધરાવતી ટ્રેનોની સંખ્યા વધી તેના કારણે નાના અંતરના પ્રવાસીઓ ટ્રેન વધારે પસંદ કરવા લાગ્યા છે. અમદાવાદથી મુંબઈ જવું હોય તો ઘરેથી એરપોર્ટ પર જવા વહેલા નિકળવું પડે ને એરપોર્ટ પર પણ કલાકો બેસી રહેવું પડે.

# આઠ શખ્સોએ રોડ રીપેર કરતાં મજૂરો અને સુપરવાઈઝરને ફટકાર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,

અમદાવાદ શહેરમાં લુખ્ખા તત્વો બેફામ બની રહ્યાં છે. શહેરમાં આવા તત્વોથી લોકોમાં ડરનો માહોલ સર્જાયો છે. સાબરમતિ વિસ્તારમાં વિસત સર્કલ પાસે રસ્તા રિપેરીંગનું કામ ચાલુ હતું તે દરમિયાન અજાણ્યા આઠ શખ્સોએ કામ કરતાં મજૂરોના સુપરવાઈઝરને માર મારીને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તે ઉપરાંત એક ઈસમે કેન્ટ્રાક્ટરને માથામાં લોખંડનો પાઈપ મારીને લોહીલુહાણ કરી નાંખ્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે સાબરમતિ પોલીસ સ્ટેશનમાં આઠ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે.

કર્ણિક વોટા મોટેરા વિસ્તારમાં રહે છે અને પુરોહિત કન્સ્ટ્રક્શન નામથી અમદાવાદના અલગ અલગ વિસ્તારમાં રોડ રીપેરિંગનું કામ કરે છે. હાલમાં તેમની પાસે ચાંદખેડા વિસત સર્કલથી સાબરમતી અચેરનું રોડ રીપેરિંગનું કામ ચાલુ છે. ગત પહેલી મેના રોજ રાત્રે દસેક વાગ્યાની આસપાસ અચેર ચાર રસ્તા પાસે અમારી કંપનીના સુપરવાઈઝર કૈલાશ પુરોહિત તથા છ મજૂરો રોડ રીપેરિંગનું કામ કરતાં હતાં. ત્યારે કૈલાશનો ફોન આવ્યો કે સાતેક શખ્સો અહીં અમારા વિસ્તારમાં પુછ્યા વિના કેમ કામ કરો છો એવું કહીને ગાળા ગાળી કરીને મારઝૂડ કરી રહ્યાં છે. ફરિયાદી કર્ણિક ત્યાં ગયો તો આ શખ્સોએ તેને પણ મારી નાંખવાની ધમકી આપીને ગાળા ગાળી કરી હતી. આ દરમિયાન એક શખ્સે કર્ણિકના માથામાં લોખંડની પાઈપ મારતાં તે લોહી લુહાણ થઈ ગયો હતો. આ દરમિયાન આસપાસના રાહદારીઓ ભેગા થઈ ગયા હતાં. કર્ણિકને શરીર પર ઈજા થતાં તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ તેણે સાબરમતિ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# બેલગ્રેડની શાળામાં વિદ્યાર્થીના ફાયરિંગમાં નવ જણાનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેલગ્રેડ,

સર્બિયાની રાજધાની બેલગ્રેડમાં વિદ્યાર્થી દ્વારા ફાયરિંગની ચોંકાવનારી ઘટના સામે આવી છે. બીબીસીના અહેવાલો અનુસાર ૧૪ વર્ષના વિદ્યાર્થીએ શાળામાં વિદ્યાર્થીઓ અને સુરક્ષાકર્મીઓ પર ફાયરિંગ કર્યું છે. સ્થાનિક સમાચાર એજન્સી તંજુગના અહેવાલને ટાંકીને બીબીસીએ જણાવ્યું કે, ફાયરિંગમાં ઓછામાં ઓછા ૯ લોકોના મોત થયા છે. મૃતકોમાં ૮ બાળકોનો સમાવેશ થાય છે. પોલીસે જણાવ્યું કે સાતમાં ધોરણના વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી છે. સમાચાર એજન્સી એપીએ સર્બિયા પોલીસને ટાંકીને જણાવ્યું કે, બેલગ્રેડ સ્કૂલમાં ગોળીબારમાં ૮ બાળકો સહિત સુરક્ષા કર્મચારીઓનું પણ મોત થયું છે. સર્બિયાઈ પોલીસે કહ્યું કે સ્કૂલમાં થયેલા ફાયરિંગ ઘણા લોકોને ગોળી વાગી છે. પોલીસે જણાવ્યું કે, આ ઘટના રાજધાની બેલગ્રેડમાં આવેલી એક સ્કૂલમાં થઈ છે. પોલીસે કહ્યું કે, ધોરણ-૭ના વિદ્યાર્થીની ધરપકડ કરી લેવામાં આવી છે.

શિક્ષકે જણાવ્યું કે, આ ફાયરિંગમાં સ્કૂલના સુરક્ષા કર્મચારીનું મોત થઈ ગયું છે. શિક્ષકે કહ્યું કે, મેં તે સુરક્ષા કર્મચારીને ટેબલની નીચે પડેલો જોયો... જ્યારે બે વિદ્યાર્થીનીના શર્ટ પર લોહી હતું... તેમણે કહ્યું કે, ફાયરિંગ કરનાર વિદ્યાર્થી શાંત સ્વભાવનો સારો વિદ્યાર્થી હતો... તે વિદ્યાર્થી તાજેતરમાં શિક્ષકના વર્ગમાં જોડાયો હતો.

જ્યાં ફાયરિંગની ઘટના બની, તે વિસ્તારને પણ પોલીસે બ્લોક કરી દીધો છે. પોલીસે એક નિવેદનમાં કહ્યું કે, ઈજાગ્રસ્તોના સારવાર ચાલી રહી છે અને ગોળીબારના કારણોની તપાસ કરી રહી છે.

# ધો.૧માં પ્રવેશ માટે ૬ વર્ષની યોગ્યતાનો મામલો હાઈકોર્ટ પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,

ધોરણ ૧માં પ્રવેશના સંદર્ભમાં મહત્વનો પરિપત્ર કરાયો છે. ૧ જૂન ૨૦૨૩ના રોજ બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ નહીં થતી હોય તો ધોરણ ૧માં પ્રવેશ મળશે નહી. નવી શિક્ષા નીતિ અનુસાર ધોરણ ૧માં પ્રવેશ માટે બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ થયેલી હોવી ફરજિયાત છે. પ્રાથમિક શિક્ષણ નિયામકે પરિપત્ર જાહેર કર્યો હતો. ત્યાર બાદ આ અંગે વિરોધ શરૂ થયો હતો. હવે આ મુદ્દે હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી છે. આ અરજી પર હાઈકોર્ટે રાજ્ય સરકારને જવાબ રજૂ કરવા નોટીસ પાઠવવામાં આવી છે. હવે આગામી સુનાવણી ૨૧ જૂને હાથ ધરાશે. ધોરણ-૧ના પ્રવેશ સંદર્ભે વાલીઓમાં અસમંજસ હતું કે, પાંચ વર્ષે બાળકને શાળામાં પ્રવેશ મળશે કે નહી જેને લઈ પ્રાથમિક શિક્ષણ નિયામકે પરિપત્ર જાહેર કર્યો છે. ૧ જૂન ૨૦૨૩ના રોજ બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ નહીં થતી હોય તો ધોરણ ૧માં પ્રવેશ મળશે નહી. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ધોરણ ૧માં પ્રવેશ માટે ૧ જૂનના રોજ બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ થવી જરૂરી છે તેવું પરિપત્રમાં જણાવ્યું હતું. આ બાબતને લઈને હવે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી છે. જેની સુનાવણીમાં કોર્ટે રાજ્ય સરકારને જવાબ રજૂ કરવા નોટીસ પાઠવી છે અને આગામી સુનાવણી વેકેશન બાદ એટલે કે ૨૧મી જૂને યોજાશે. નવી શિક્ષણ નીતિ મુજબ ૨૦૨૩-૨૪થી ધોરણ ૧માં ૬ વર્ષ પૂર્ણ થયા હશે તેને જ પ્રવેશ મળશે. ૪ વર્ષ પૂર્ણ થયા હોય તેમને જ જુનિયર કે.જીમાં એડમિશન મળશે. તો સિનિયર કે.જી માટે ૫ વર્ષની ઉંમર જરૂરી છે. ૬થી ૯ વર્ષના બાળકો માટે મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પર ફોકસ રહેશે. વધુમાં ત્રીજા ધોરણ સુધીના બાળકોનો પાયો મજબૂત બને તેના પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાશે. વધુમાં પમા ધોરણ સુધી બાળકોને ભાષા અને ગણિત સાથે સામાન્ય જ્ઞાન તેના તેમજ ધો ૬-૮ સુધી મલ્ટી ડિસીપ્લીનરી કોર્સ

# AMTSની તમામ ૮૦૦ બસોનું સંચાલને ખાનગી કંપનીઓને સોંપી દેવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,

અમદાવાદ મ્યુન્સિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ એટલે કે **AMTS**નું સંચાલન હવે કોર્પોરેશન નહીં કરે કારણ એ કે હવે બસો જ કોર્પોરેશનની માલિકીની નથી બચી. એએમટીએસની કુલ હાલ શહેરમાં ૮૦૦ બસો દોડે છે, આ ૮૦૦ બસોનું સંચાલન હવે ખાનગી કંપનીઓને સોંપી દેવામાં આવ્યું છે. એટલે કે અમદાવાદના રસ્તાઓ પર દોડતી **AMTS** બસનું સંપૂર્ણ ખાનગીકરણ કરાયું છે. શહેરમાં દોડતી કુલ ૮૦૦ બસોમાંથી એક પણ બસ મનપાની માલિકીની નથી. ખાનગી ઓપરેટરોને આ તમામ બસો સોંપી દેવામાં આવી છે. જેના કારણે વાર્ષિક કરોડો રૂપિયાનું નુકસાન કોર્પોરેશનને થઈ રહ્યું છે અને ખાનગી બસ ઓપરેટરોને કમાણી થઈ રહી છે.

ફક્ત એટલું જ નહીં નવા બજેટની બસોનું પણ સંચાલન ખાનગી ઓપરેટરો જ કરશે. હાલ આ ૮૦૦ બસોને ૬ એજન્સીઓ ઓપરેટ કરે છે. જેમાં શ્રી મારુતિ ટ્રાવેલ્સ(દાદા), આદિનાથ બલ્ક પ્રાઈવેટ લિમિટેડ, શ્રી મારુતિ ટ્રાવેલ્સ, ટાંક સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ, અર્હમ ટ્રાન્સપોર્ટ, મહેશ્વરી બસ ઓપરેટર પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. આ તમામ કંપનીઓ હાલ શહેરમાં ૮૦૦ બસોનું સંચાલન કરી રહી છે.

આ મામલે વિરોધ પક્ષના કોર્પોરેટર ઈકબાલ શેખે જણાવ્યું કે, 'ભારતીય જનતા પાર્ટીના શાસન આવ્યા પછી અલગ અલગ એજન્સીઓ હાલ ૭૦૦થી ૮૦૦ બસો ચલાવી રહી છે. કોર્પોરેશનના બજેટમાં જે નવી બસો આવવાની છે તે પણ કોન્ટ્રાક્ટર મારફતે ચલાવવામાં આવશે. ફક્ત એક કે બે બસ જ કોર્પોરેશનની ચાલે છે. જે ખૂબ દુઃખની વાત છે. ફક્ત તેમના મળતીયાઓને કોન્ટ્રાક્ટ આપવો, મનફાવે એવું વર્તન તેમના ડ્રાઈવરો અને કોન્ટ્રાક્ટરો કરી રહી છે. જેના કારણે અમદાવાદીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. '



અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ મનપા બસના ડ્રાઈવર કન્ડક્ટરની બદલી થઈ ચુકી છે. મનપાના વિવિધ વિભાગોમાં આ ડ્રાઈવર કન્ડક્ટરની બદલી કરવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, દર વર્ષે **AMTS**ના કારણે અમદાવાદ મનપાને ખોટ થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને દર વર્ષે રૂપિયા ૩૨૫ કરોડની ખોટ થાય છે. ત્યારે ખાનગી ઓપરેટરોને ફાયદો થાય તો મનપાને કેમ નથી થતો તે મોટો સવાલ છે.

# લોકોના ખિસ્સા ખંખેરી રોજના ત્રણ કરોડ કમાતો શખ્સ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ,

દુનિયામાં એવો કોઈ બિઝનેસ શોધવો મુશ્કેલ છે કે જેમાં માત્ર ભેજું દોડાવીને રોજની ત્રણ કરોડ રૂપિયા જેટલી માતબર કમાણી કરી શકાય.. જોકે, મુંબઈ પોલીસના હાથમાં એક એવો મહાઠગ આવ્યો છે કે જે લોકોના ખિસ્સા ખંખેરીને રોજના ત્રણ કરોડ રૂપિયા છાપતો હતો. માંડ બારમા ધોરણ સુધી ભણેલા આ ૪૯ વર્ષના આધેડની વિશાખાપટ્ટનમથી ધરપકડ કરવામાં આવી છે. શ્રીનિવાસ રાવ દાડી નામનો આ ઠગ ફાઈવ સ્ટાર હોટેલમાં સંતાયેલો હતો ત્યારે જ પોલીસે તેને ઝડપી લીધો હતો. ચોંકાવનારી વાત એ છે કે, આ ભેજાબાજ પોતાની બે નંબરની કમાણીને ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરીને ચાઈનામાં ટ્રાન્સફર કરતો હતો. લોકોના ખિસ્સાં ખંખેરીને આ ઠગ રોજના ત્રણથી પાંચ કરોડ રૂપિયા કમાતો હતો, તેની સાથે તેના ચાર સાગરિતોની પણ પોલીસે ધરપકડ કરી છે. લોકોને કઈ રીતે ઠગીને તેમના બેંક અકાઉન્ટ સાફ કરવા તેની અલગ-અલગ ટ્રીક આ વ્યક્તિ જાતે જ શીખ્યો હતો. આ મહાઠગની મોડસ ઓપરેન્ડી વિશે જણાવતા તેની ધરપકડ કરનારા પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે તે સિસ્ટેમેટિક રીતે આ કાંડ આચરતો હતો. મોટાભાગે તેની ગેંગ મહિલાઓને ટાર્ગેટ બનાવતી હતી, જેમાં સ્કાઈપ કે પછી વોટ્સએપનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ગેંગ ટાર્ગેટને એવું કહીને ડરાવતી હતી કે તેમણે જે પાર્સલ કુરિયરમાં મોકલ્યું છે તેમાંથી ડ્રગ્સ મળી આવ્યું છે.

ટાર્ગેટ પર ભીંસ વધારવા માટે આ લોકો પોલીસના ફેક આઈડી કાર્ડનો પણ ઉપયોગ કરતા હતા. ત્યારબાદ તેઓ ટાર્ગેટને પોતાના ફોન પર એનીડેસ્ક જેવી એપ ડાઉનલોડ કરવા ફરજ પાડતા હતા અને તેનાથી ટાર્ગેટના ફોનનો એક્સેસ તેમની પાસે આવી જતો હતો. ત્યારબાદ અલગ-અલગ રીતે ધાકધમકી આપીને વિક્ટિમના બેંક અકાઉન્ટની ડિટેઈલ્સ આ ગેંગ લઈ લેતી હતી અને પછી તેમાંથી રૂપિયા ઉઠાવી લેતી હતી.

આ ઠગ ગેંગ દ્વારા મુંબઈ, પુણે, પિંપરી-ચિંચવાડ, હૈદરાબાદ, બેંગલોર, દિલ્હી અને કોલકાતા સહિતના અલગ-અલગ શહેરોમાંથી લોકોને ડરાવી-ધમકાવી તેમની પાસેથી રૂપિયા ખંખેરવામાં આવ્યા હતા. દિલ્હીના એક કેસમાં તો આ ગેંગના એક વ્યક્તિએ પોલીસનો ડ્રેસ પહેરીને વિડીયો કોલ કરી ટાર્ગેટને ધમકી આપી હતી.

પોલીસને આ કાંડની માહિતી સૌ પહેલીવાર માર્ચ ૨૦૨૩માં મળી હતી, જેમાં આ ઠગ ગેંગના માણસો પોતાની ઓળખ મુંબઈ પોલીસના સિનિયર અધિકારી તરીકે આપીને લોકોને ડરાવતા હતા.

આખરે પોલીસે આ ગેંગ વિરૂદ્ધ ટેકનિકલ પુરાવા એકત્ર કરવાનું શરૂ કર્યું હતું, અને દોઢ મહિના સુધી ચાલેલા ઈન્વેસ્ટિગેશન બાદ પોલીસ તેમના સુધી પહોંચી શકી હતી.

આ ઠગોને પકડવા માટે મુંબઈ પોલીસની ટીમે અલગ-અલગ ચાર શહેરોમાં ધામા નાખ્યા હતા. ટાર્ગેટ પાસેથી આ લોકો જે રૂપિયા પડાવતા હતા તે અમુક ચોક્કસ એજન્ટો દ્વારા ઓપરેટ કરાતા બેંક અકાઉન્ટ્સમાં જમા થતા હતા. જેમાંથી મહેન્દ્ર રોકડે અને મુકેશ દીવે નામના બે વ્યક્તિની ધરપકડ તિલવાલાથી કરવામાં આવી હતી, જ્યારે સંજય મંડલ અને અનિમેશ વૈદ નામના બે એજન્ટો કોલકાતાથી ઝડપાયા હતા. આ બે એજન્ટો હાથમાં આવ્યા બાદ પોલીસને ખબર પડી હતી કે આ રીતે તો દેશમાં અલગ-અલગ જગ્યાએ સંખ્યાબંધ બેંક અકાઉન્ટ ઓપરેટ કરવામાં આવી રહ્યા છે, જેમાં લોકો પાસેથી પડાવેલા કરોડો રૂપિયા જમા થઈ રહ્યા છે.

એજન્ટો આ કાંડના મુખ્ય સૂત્રધાર શ્રીનિવાસ સાથે ટેલીગ્રામ એપ દ્વારા સંપર્કમાં રહેતા હતા. આ કેસમાં પોલીસે અલગ-અલગ ૪૦ બેંક અકાઉન્ટમાંથી અત્યારસુધી દોઢ કરોડ રૂપિયા જેવી રકમ ફ્રીઝ કરાવી છે.

શ્રીનિવાસે પોતાની પત્નીના બેંક અકાઉન્ટમાં પણ ૨૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા, જેથી તેની ફેમિલી પણ આ કાંડમાં સંડોવાયેલી છે કે કેમ તેની પણ તપાસ ચાલી રહી છે. બેંકોમાં જે કરોડો રૂપિયા જમા થતા હતા તેને ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરીને શ્રીનિવાસ ચાઈનામાં ટ્રાન્સફર કરતો હતો. આ કાંડમાં ચાઈનાની કોઈ લિંક છે કે કેમ તેમજ જે રૂપિયા ક્રિપ્ટોમાં કન્વર્ટ કરી ચાઈના મોકલાયા છે તે ખરેખર કોને મોકલવામાં આવ્યા છે તે પણ પોલીસ શોધી રહી છે.

# એરટેલ પેમેન્ટ બેંકમાંથી ચહેરો બતાવીને પૈસા ઊપાડી શકાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ,

જો તમારું બેંક એકાઉન્ટ એરટેલ પેમેન્ટ બેંકમાં છે, તો બહુ જલદી તમે તમારો આધાર નંબર અને તમારો ફેસ- ચહેરો બતાવીને બેંકમાંથી પૈસા ઉપાડી શકશો. એરટેલ પેમેન્ટ્સ બેન્કે આ માટે નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે ટાઈઅપ કર્યુ છે, અને બેંક સાથે જોડાયેલ આધાર ઈનબેલ્ડ પેમેન્ટ સર્વિસ માટે ફેસ ઓથેન્ટિકેશનની શરૂઆત કરી છે. એરટેલ પેમેન્ટ બેન્ક આવી સેવા આપનારી દેશની ચોથી બેંક બની ગઈ છે. ખરેખરમાં, એનપીસીઆઈની આધાર એનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમલોકોને કોઈપણ બેંક પૉઈન્ટ પર ટ્રાન્ઝેક્શન કરવાની અથવા આધાર કાર્ડ નંબર અને વર્ચ્યૂઅલ આઈડીની મદદથી નૉન-ફાઈનાન્સિયલ એક્ટિવિટી ઍક્સેસ કરવાની મંજૂરી આપે છે. અત્યાર સુધી એરટેલ બેંકમાં પૈસા ઉપાડવા અથવા જમા કરવા માટે કસ્ટમર્સ તેને આધાર કાર્ડ નંબર, ફિંગરપ્રિન્ટ અથવા આંખનું વેરિફિકેશન વેલિડેટ કરવાનું પડતુ હતુ, પરંતુ હવે કસ્ટમર્સને બીજી સુવિધા મળશે અને તેઓ આધાર નંબર અને તેમના ફેસ- ચહેરા દ્વારા સરળતાથી ટ્રાન્ઝેક્શન કરી શકશે. આનાથી એવા લોકોને ફાયદો થશે જેમના ફિંગરપ્રિન્ટ્સ ઘણી વખત મેચ ન હતો થતા.

એરટેલ પેમેન્ટ બેંકના સીઓઓએ કહ્યું કે, અમે ખુબ જ ખુશ છીએ કે અમે એનપીસીઆઈસાથે ટાઈઅપ કર્યુ છે. એનપીસીઆઈની આધાર એનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમલોકોને ઈનેબેલ્ડ પેમેન્ટ સિસ્ટમ લોકોને પેમેન્ટને સિક્યૉર અને સરળ બનાવવામાં મદદ કરશે, જે ગ્રાહક અને બેંક બન્ને માટે સારા સમાચાર છે. એરટેલ પેમેન્ટ્સ બેંક શરૂઆતમાં આધાર ઈનેબલ્ડ ફેસ ઓથેન્ટિકેશન દ્વારા નૉન-ફાઈનાન્સિયલ ટ્રાન્ઝેક્શનને કરવાની સુવિધા આપશે. જેમ કે તમે આની મદદથી મિની સ્ટેટમેન્ટ અને બેંક બેલેન્સ વગેરે ચેક કરી શકો છો. બીજા તબક્કામાં લોકોને ટ્રાન્ઝેક્શન સંબંધિત સેવાઓ મળશે. સારી વાત એ છે કે એનપીસીઆઈની ગાઈડલાઈન હેઠળ એરટેલ પેમેન્ટ બેંક પોતાની બેંકમાં અન્ય બેંકના ગ્રાહકોને પણ આ ફેસિલિટી આપશે, એટલે કે જો તમારું બેંક એકાઉન્ટ એનપીસીઆઈઅંતર્ગત આવતી અન્ય બેંકમાં હશે, તો પણ તમે એરટેલ પેમેન્ટ બેંકમાંથી પૈસા ઉપાડી શકશો.

# રીલ બનાવવા માટે બાઈક ખરીદવા ૧૪ લાખની ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,

આજના યુવાનોને સોશિયલ મીડિયાનું વ્યસન થઈ ગયું છે. તેઓ એક કલાક તો દૂરની વાત પરંતુ ૧૫ મિનિટ પણ તેના વગર રહી શકતા નથી. ક્યારેક પોસ્ટ પર લાઈક્સ અથવા વ્યૂ વધારવા માટે તેઓ જીવ જોખમમાં નાખતા અચકાતા નથી અથવા સારી લાઈફસ્ટાઈલ જીવતા હોવાનો દેખાડો કરવા ચોરી પણ કરવા લાગે છે. શહેરના સેટેલાઈટ વિસ્તારમાં હાલમાં જ એક એવો કિસ્સો સામે આવ્યો હતો, જ્યાં ઈન્સ્ટાગ્રામ પર રીલ માટે બાઈક ખરીદવા ત્રણ શખ્સોએ ૧૪ લાખની ચોરી કરી હતી. પોલીસે આ ત્રણેયની ધરપકડ કરી હતી. ત્રણમાંથી બે આરોપીઓ ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવવાના શોખીન હોવાથી મોંઘી બાઈક બૂક કરાવી હતી. પરંતુ પૈસા ન હોવાથી ચોરીનો પ્લાન ઘડ્યો હતો અને બાદમાં પોતાના વતન ડુંગરપુર ભાગી ગયા હતા. સેટેલાઈટ વિસ્તારમાં આવેલી ચરણકૃપા સોસાયટીમાં રહેતા એક વૃદ્ધના ઘરમાંથી ત્રણેય શખ્યો ૧૪ લાખ રોકડા ભરેલી તિજોરી જ ઉઠાવી ગયા હતા. ફરિયાદ મળ્યા બાદ પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાનું શરૂ કર્યુ હતું. જેમાંથી ચોરી કરવા આવેલા શખ્સમાંથી એક બાલકૃષ્ણ ઉર્ફે બાલુ ઉર્ફે કિશન હતો, જે પહેલા વૃદ્ધને ત્યાં ઘરઘાટી તરીકે કામ કરી ચૂક્યો હતો. જે બાદ પીઆઈ કે.વાય. વ્યાસે તેમની ટીમના ડી-સ્ટાફ પીએસઆઈ આર.પી. ડાભી અને ઝોન-૭ એલસીબીના પીએસઆઈ ડી.એ. રાઠોડને આરોપીઓના લોકેશન ટ્રેક કરી તેમના સુધી પહોંચવા માટે આદેશ આપ્યો હતો. જ્યાંથી ચોરી કરી તેની આસપાસના વિસ્તારમાં આરોપીઓ આવવા હોવાની બાતમી પોલીસને મળી હતી. જે બાદ વોચ ગોઠવી બાલકૃષ્ણ ઉર્ફે બાલુ ઉર્ફે કિશન, ઈશ્વર રોત અને વિનોદ ઉર્ફે રોની મીણાની ધરપકડ કરી હતી.



આરોપીઓ પાસેથી પોલીસે ૬.૪૦ લાખ રોકડા અને ત્રણ ફોન સહિત કુલ ૬.૬૪ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ત્રણની સાથે અન્ય એક શખ્સ પણ હતો, જે પોલીસ પકડથી દૂર છે. જેની પાસે ચોરીના સાત લાખ રૂપિયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. કુલ ૧૪ લાખની ચોરી કર્યા બાદ ચારેય શખ્સ ડુંગરપુર ભાગી ગયા હતા, ત્યાંથી તેમણે બ્રાન્ડેડ કપડા અને જૂતા ખરીદ્યા હતા. ઝોન-૭ના ડીસીપી બી.યુ. જાડેજાએ જણાવ્યું હતું કે 'ચરણકૃપા સોસાયટીમાં બનેલી ચોરીની ઘટના અંગે પોલીસે તપાસ કરીને ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. તેમાંથી એક બાલકૃષ્ણ આ ઘરમાં પહેલા ઘરઘાટી તરીકે કામ કરતો હતો, જો કે તે સમયે તેનું વેરિફિકેશન કરાવ્યું નહોતું. આ ઘરમાં હજી પણ ત્રણ ઘરઘાટી છે અને તેનું વેરિફિકેશન પણ નથી કરાવ્યું. તેમની સાથે કાર્યવાહી કરવામાં આવશે. શહેર પોલીસ તરફથી સૌને અપીલ છે કે, પોલીસ વેરિફિકેશન કર્યા વગર કોઈ પણ ઘરઘાટીને ઘરમાં પ્રવેશ આપશો નહીં'.

## વિધર્મી યુવકે પ્રેમલગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,

અમદાવાદમાં વેજલપુર વિસ્તારમાં જુગારની કુટેવમાં વિધર્મી યુવક સાથે પ્રેમ કરવો યુવતીને ભારે પડ્યો છે. વિધર્મી યુવકે પ્રેમલગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યું છે. યુવતીએ પતિને છૂટાછેડા આપ્યા છે. પરંતુ પ્રેમીએ લગ્ન કરવાનો ઈક્રાર કરતા યુવતીએ પોલીસ સ્ટેશનમાં પ્રેમી વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ધરપકડ કરેલા મુસ્તકિમ પઠાણ નામના વિધર્મી યુવકની ધરપકડ કરવામાં આવી છે.વિધર્મી યુવકએ યુવતીને પ્રેમ જાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું છે.જે જુગારની લત ધરાવતી યુવતી ને જુગાર રમતા રમતા યુવક સાથે થયેલ પ્રેમ સંબંધ કરવો ભારે પડ્યો છે. આ ઘટનાની વિગતવાર વાત કરીએ તો યુવતીને છેલ્લા એક વર્ષથી જુગાર રમવાના બહાને વિધર્મી યુવક સાથે પરિચય થયો અને બંને વચ્ચે શારીરિક સંબંધ પણ બંધાયા હતા.












Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA • Printed At :- PAVANPUTRA OFFSET., G.I.D.C., SECTOR-28, GANDHINAGAR, GUJARAT - 382028
Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.